# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તાઃ ૨૦/૧૧/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી જનરલ)

---

# ચેમ્બરમાં આંધ્ર પ્રદેશના ડેલીગેશન સાથે ચર્ચા વિચારણા યોજાઈ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે યોજાયેલા એક કાર્યક્રમમાં આંધ્ર પ્રદેશથી આવેલા ઉદ્યોગખાતાના અધિકારીશ્રીઓ સાથે શહેરના વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધીઓએ વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી હતી.

કાર્યક્રમના આરંભે ચેમ્બરના ઉપ પ્રમુખ ડો. અજોય ભટટાચાર્યએ ડેલીગેશનને આવકાર આપી સ્વાગત પ્રવચનમાં ચેમ્બરની પ્રવૃત્તિની ઝલક આપી હતી.અહીંના ઉદ્યોગોની જાણકારી આપી હતી. ગુજરાતના ઔદ્યોગિક વિકાસનું મુખ્ય કારણ અહીંની નિખાલસતા અને પ્રજાની ભાગીદારી હોવાનું જણાવ્યું હતું.તેમણે આંધ્રપ્રદેશના અધિકારીશ્રીઓની સુરત મુલાકાતના આશય અને ચર્ચાથી થનારા લાભનો ખ્યાલ પણ આપ્યો હતો.આંધ્રનું ડેલીગેશન અહીં ૨૦૧૦ની યોજનાના અભ્યાસ માટે આવ્યું હોવાથી ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં સુરતના યોગદાનનો પણ અભ્યાસ કરશે.

આંધ્રપ્રદેશના એડિશનલ ડાયરેકટર ઓફ ઈન્ડસ્ટ્રીઝ શ્રી આર.બી.સુરેશબાબુએ પોતાના વકતવ્યમાં સુરતની ચેમ્બરે સરકાર અને પ્રજા વચ્ચેના સેતુ તરીકે કરેલી કામગીરીને બિરદાવી હતી અને કહયું હતું કે, આંધ્રના એસોસિયેશનો અને ચેમ્બરોએ સુરતની ચેમ્બર પાસેથી ઘણુ શીખવા જેવું છે અને હું એવી ભલામણ કરીશ.

ચેમ્બરના ભુ.પૂ. પ્રમુખશ્રી પ્રેમ શારદાએ સુરતના ઉદ્યોગો અને પ્રજાની કુદરતી આપત્તિ કે આર્થિક મંદી જેવા સંજોગો સામે ઝઝૂમવાની શકિતનો પરિચય આપ્યો હતો.તેમણે કહયું હતું કે ચેમ્બરે સુરતના ઉદ્યોગોને વેલ્યુ એડિશન તરફ આગળ વધવા પ્રોત્સાહન આપીને મહત્વની ભુમિકા અદા કરી છે. ચેમ્બરના ભુ.પૂ.પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ કાજીવાલાએ સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ તથા ચેમ્બરના ડ્રિમ પ્રોજેકટ ટ્રેડ એન્ડ કન્વેન્શન સેન્ટરની જાણકારી આપી હતી.માનદમંત્રીશ્રી હેતલ મહેતાએ સુરતના

એન્જીનીયરીંગ ઉદ્યોગની જાણકારી આપી હતી.શ્રી રોહિત મહેતાએ ડાયમન્ડ ઉદ્યોગની વર્તમાન સ્થિતિ અને વૈશ્વિક મંદીના સમયની માહિતી આપી હતી.

ડેલીગેશનના સભ્ય અને વિશાખાપટ્ટનમ ડી.આઈ.સી.ના જનરલ મેનેજરશ્રીવી આર વીઆર નાયકે સરકારની ભુમિકા વિશેની ચર્ચા કરી હતી.

જિલ્લા ઉદ્યોગકેન્દ્રના શ્રી ધવલ પરીખ તથા શ્રી રાવલે ગુજરાત સરકારની ઉદ્યોગનીતિ અને ભુમિકાની જાણકારી આપી હતી.

ચેમ્બરના સેક્રેટરી જનરલ કર્નલ જે.પી.સાયગલે સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં યોજાનારા 'ઉદ્યોગ–૨૦૧૦' એક્ઝિબીશનની માહિતી આપી હતી અને આંધ્રપ્રદેશ આ એક્ઝિબીશનમાં ભાગ લે એવી અપેક્ષા વ્યકત કરી હતી.જેના પ્રતિસાદમાંસુરત ખાતે ચેમ્બર ધ્વારા યોજાનારા 'સ્પાર્કલ' અને 'ઉદ્યોગ–૨૦૧૦' માં આમંત્રિત રાજ્ય તરીકે ભાગ લેવાની તૈયારી આંધ્રપ્રદેશના ડેલીગેશને બતાવી હતી.

આ ડેલીગેશનમાં શ્રી આર.બી. સુરેશબાબુ અને શ્રી વીઆરવીઆર નાયક ઉપરાંત પ્રિન્સિપલ સેક્રેટરીશ્રીના ઓ.એસ.ડી. તથા જોઈન્ટ ડાયરેકટરશ્રી એમ.સાધુ સુંદર,જોઈન્ટ ડાયરેકટરશ્રી વી.પ્રસન્નકુમાર,ડી.આઈ.સી.ચિત્તુરના જનરલ મેનેજરશ્રી જી. વિજયપ્રસાદ અને ડેપ્યુટી ડાયરેકટરશ્રી પી.રત્નાકરનો સમાવેશ થયો હતો.